# GNLUના ડાયરેક્ટર સાંથાકુમારે કહ્યું કે, એલ્યુમની શૈક્ષણિક સંસ્થા માટે અમૂલ્ય મૂડી સમાન



સિટી રિપોર્ટર | ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી(GNLU)માં 2009માં ગ્રેજ્યુએટ થયેલા 85 વિદ્યાર્થીઓનું રિ-યુનિયન જીએનએલયુ ખાતે મળ્યું હતુ. જીએનએલયુમાં હાલ સ્ટડી કરી રહેલા વિદ્યાર્થીઓએ એલ્યુમનાઈ માટે સાંસ્કૃતિક પ્રોગ્રામ યોજ્યો હતો. GNLUના ડૉ. ડાયરેક્ટર સાંથાકુમારે કહ્યું કે, 'એલ્યુમની આટલી વિશાળ સંખ્યામાં આવ્યા તે તેમનો જીએનએલયુ પ્રત્યેનો પ્રેમ દર્શાવે છે. એલ્યુમની કોઈ પણ શૈક્ષણિક સંસ્થાની એક મોટી મૂડી છે. આ એલ્યુમની વિવિધ ક્ષેત્રોમાં પ્રગતિ કરી રહ્યાં છે તે આનંદની વાત છે અને સંસ્થાના વધુ વિકાસ માટે તેમના યોગદાનની અપેક્ષા છે.

Scanned by CamScanner